## સલામી સવારની..



**સુપ્રભાતમ્**

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*કમાઈ લો યશ કે વિશ્વની મંડી મળી છે!*
*વિશ્વાસને પ્રોત્સાહનની લીલી ઝંડી મળી છે!*
*દોડે છે એક્સપ્રેસ 'ડબ્બલ' ઈન્જીન વાળું -*
*રોળો દૈત્યોને રફાલ રૂપે ચંડી મળી છે !*

**હાઈકુ**

*ધાર્મિક વિધિ !*
*મિલેટ્રી કેમ્પસમાં -*
*પ્રવેશી ગઈ ?!*

*પરિણામ છે*
*નિશ્ચિત છતાં પણ -*
*અંગદ વિષ્ટિ*
*(જિનપિંગ - બેઠક)*

### ચિંતન

*ભોગમાત્રસામ્યલિંડગ્રચ ।*

**ઉપરોક્ત સૂત્ર બ્રહ્મસૂત્રમાંથી લેવામાં આવેલ છે.**

**બ્રહ્મલોકમાં રહેતા મુક્તાત્મા મહાપુરુષને સ્થૂળ શરીરથી કે સૂક્ષ્મ શરીરથી વિભિન્ન ભોગોને ભોગવવા છતાં પણ, કોઈ પણ પ્રકારનો લોપ નથી લાગતો એ બાબતમાં બ્રહ્માની સાથે એની સમતા છે. કારણ કે બ્રહ્મા પણ ભોગ માત્રથી નિર્લેપ અથવા અલિપ્ત રહે છે. એ છતાં પણ એ જગતની રચના જેવી પ્રવૃત્તિ નથી કરતો.**

**કોઈ પણ પ્રકારના ભોગો ભોગવવામાં મન-ઈચ્છા-મોહથી જો અલિપ્ત રહી એક કર્તવ્ય-ફરજ સમજી ભોગ-ઉપભોગથી અલિપ્ત રહી ભોગવવામાં આવે તો એ આત્મા સંસારથી અલિપ્ત જ છે એમ સ્વીકૃત છે.**

**પુત્રનો જન્મ ધાર્મિક ક્રિયાઓના સાતત્ય માટે દેશ-સમાજની સેવા માટે જ હોય તો એ 'ભોગ' નથી.**

### સુવિચાર

- પાણીમાં પડેલા તેલની ટીપાને સંપર્ક કહેવાય... જયારે... પાણીમાં પડેલા દૂધના ટીપાને સંબંધ કહેવાય - **આશુ પટેલ**
- 'સંઘર્ષ' એક ઐસા કહેતા હૈ જહાં સે 'હતાશાઓં' કા વ્યાસ કિતના ભી બઢે, 'સંભાવનાઓ' કી પરિધિ કમ નહીં હોતી - **ચંદ્રેશ પાઠક**
- દરેક માણસ 'હોશિયાર' હોય છે... બસ... 'વિષય' અલગ અલગ હોય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જે લોકો ધર્મમાં તર્ક શોધે છે તે જ લોકો સંબંધમાં સ્વાર્થ શોધતા હોય છે - **અમૃતબિંદુ**
- હું મંદિરે તો માત્ર મૂર્તિના શણગાર જોવા જઉં છું, ફરિયાદ કરવા તો મેં ઘરે અરીસો રાખ્યો છે - **ડો. નવિન પટેલ**
- કર્તવ્ય નિભાવવાની તાકાત હોય... તો જે... અધિકાર મેળવવાની આશા રાખો - **નવનીત**
- આજનું ઔષધ : આમચૂર પાઉડરને પાણીમાં પેસ્ટ બનાવી કરોળિયાનું ઝેર ચડ્યું હોય તે જગ્યા પર લગાડવાથી વિષની અસર ઉતરી જાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

બાઈબલમાં વાત આવે છે. જંગલમાં ત્રણ વૃક્ષ હતા. વૃક્ષો અંદર અંદર વાતો કરી રહ્યા હતા. પહેલા વૃક્ષે કહ્યું, 'હું સુંદર નકશીકામ કરેલ પેટી બનવા માંગુ છું કે જેની અંદર અણમોલ હીરા સચવાય.' બીજા વૃક્ષે કહ્યું, 'હું એકદમ મજબૂત વહાણ બનવા માંગુ છું. જે ડૂબે નહીં અને રાજા-મહારાજા એમાં પ્રવાસ કરે.' ત્રીજા વૃક્ષે કહ્યું, 'હું જંગલનું સૌથી ઊંચું વૃક્ષ બનવા માંગુ છું. કે જેથી આકાશમાં આવેલા સ્વર્ગમાં ડોકિયું કરી ઈશ્વરને મળી શકું, જોઈ શકું.' કઠિયારા આવ્યા. પહેલું અને બીજું વૃક્ષ તો હસતાં હસતાં કપાયા પણ ત્રીજા વૃક્ષને કપાયા પર ખુબ દુઃખ થયું. કારણ કે ત્રીજા વૃક્ષની ઈચ્છા તો અહીં જ મરી પરવારી. પહેલા વૃક્ષના લાકડામાંથી સોના-ચાંદી મૂકવાનો પટારો નહીં પણ ઘાસ ભરવાની પેટી બની. બીજા વૃક્ષમાંથી મોટું વહાણ નહિ પણ સાવ નાની નૌકા બની અને ત્રીજા વૃક્ષમાંથી મોટા થાંભલા બનાવવાના લાકડાના ટુકડા બન્યા આમ ત્રણે વૃક્ષોની ઈચ્છા અધૂરી રહી. એક દિવસ ચારો ભરવાની પેટી બનેલું વૃક્ષ દુઃખી થતું હતું ત્યારે જ એક દંપત્તિ આવ્યું તેમના બાળકને તે ઘાસ ભરેલી પેટીમાં સુવાડ્યું. અને તે વૃક્ષની સૌથી અણમોલ વસ્તુ પોતાની અંદર રહે તે ઈચ્છા પૂરી થઈ કારણ કે બાળક ઈશુ હતું. એ ઈસુ પોતાના સાથી સાથે સાગર પાર પેલી બીજા વૃક્ષમાથી બનેલી નૌકામાં જતાં હતા. ત્યારે દરિયાનું તોફાન આવ્યું. નૈકા નાની હતી પણ ઈસુએ પવનને હાથ બનાવીને રોકી દીધો. બીજા વૃક્ષની વહાણ બની રાજાને પોતાની અંદર બેસાડવાની ઈચ્છા હતી. પણ દુનિયાનો રાજા ઈસુ ભગવાન તેમાં સવાર થયા હતા. ત્રીજા વૃક્ષને સૌથી ઊંચા બની સ્વર્ગની ઝાંખી કરવી હતી. ઈશ્વરને જોવા હતા. એ ત્રીજા વૃક્ષના થાંભળા ઉપર જ ભગવાન ઈશુને વધ સ્તંભ પર જડી દેવામાં આવ્યા હતા. આથી તે વૃક્ષ પર ઈશ્વરની પાસે હતું. આમ ઈશ્વરે ત્રણે વૃક્ષોની ઈચ્છા પૂરી કરી હતી.

# ન્યાયતંત્રની અદબ જાળવીએ

**તંત્રીસ્થાનેથી...**

લોકશાહીના ગેરલાભો લેવા ટેવાયેલા રાજકારણીઓ અદાલતમાં હાજરી આપવાના શરમજનક પ્રસંગને પણ પરાક્રમમાં ફેરવી શકે છે. રાહુલ ગાંધી બીજાઓની સરખામણીમાં ઈમાનદાર અને સાફ દિલ નેતા તરીકેની છાપ ધરાવે છે. પરંતુ હવે એ પણ આવી પડેલી ઉપાધિને તકમાં ફેરવવાની કળા શીખી ગયા લાગે છે. ગત લોકસભાની ચૂંટણી વખતે પ્રચાર સભાઓ દરમિયાન જરા વધુ પડતા તાનમાં આવી જઈ 'ચૌકીદાર ચોર હૈ' ના સૂત્રો બોલાવતાં હતા અને કયારેક તો 'બધા ચોરોની અટક મોદી જ કેમ હોય છે?' - જેવો મજાકિયો સવાલ કરી સભાનું મનોરંજન કરતા હતા. સ્વાભાવિક રીતે જ એનું સીધું અર્થઘટન વડાપ્રધાન મોદીના ચારિત્ર્યખંડન જેવું થતું હતું. આથી કેટલાક કાર્યકર્તાઓએ રાહુલ ગાંધી વિરુદ્ધ કોર્ટકેસ કર્યા હતા. અમદાવાદમાં વળી નોટબંધી મુદ્દે કરેલ કટાક્ષ સામે કેસ થયો હતો. સંદર્ભે રાહુલ ગાંધીને દેશભરમાં અદાલતોની નોટિસો મળતાં રૂબરૂ હાજરી પુરાવવાનો તકાજો ઊભો થયો છે. રાજકારણીઓ પડકારને પણ તકમાં પલટી નાખવાની કળા જાણતલ હોય છે. મોદી એનું સર્વક્ષેષ્ઠ ઉદાહરણ છે. મોદીના પેંગડામાં પગ ઘાલવાની રાહુલ ગાંધીની હેસિયત નથી, પરંતુ એમના સલાહકારોએ એમના ગજા મુજબ તકનો લાભ લેવા એમને પણ સહમત કર્યા લાગે છે. ઍરપોર્ટથી મેટ્રો કોર્ટ સુધી એમના સ્વાગતની સાંકળ રચાઈ. આ શું સૂચવે છે ? અદાલતોએ પોતાની સામે પેશી માટે આવનારા આરોપીઓ પર શિસ્ત લાદવાની જરૂર છે એવું નથી લાગતું ? લાખોના ખર્ચે એસપીજી સુરક્ષા હેઠળ નેતા કોર્ટમાં જુબાની આપવા આવે, જજ માત્ર એક જ સવાલ પછે : 'તમારી સામે ફલાણા-ફલાણા આક્ષેપ છે. તમને કબૂલ છે ?' દેખીતી રીતે જ વકીલોએ ગોખાવી રાખેલો જવાબ : 'ગુનો કબૂલ નથી, મેં એવો કોઈ ગુનો કરેલ નથી' - જેવું બોલી ફરી વાર સદેહે અદાલતમાં હાજરી નહીં ભરવાની પરવાનગી લઈ નેતાજી હસતા મોઢે, હાથ હલાવતા હલાવતા પાછા ફરે ! આવાં નાટક અટકવાં જોઈએ. આખરે એક માણસનો આટલો અને તે પણ ધરાર ખોટો - વકીલે શીખવેલો જવાબ મેળવવા પ્રજાનાં નાણાંનો દુર્વ્યય કરવાની જરૂર ખરી ? એમના સ્વાગત માટે હજારો કાર્યકરો ખડકાઈ જાય, એથી સામાન્ય પ્રજાને જે હાલાકી ભોગવવી પડે એનું શું ? - અદાલતોએ વીવીઆઈપીનાં લેબલ ધરાવતા આરોપીઓને જવાબ આપવા આવતી વખતે કેટલાક કડક નિયમો પાળવા પડે એવી કાનૂની ચેતવણી આપવી જોઈએ. બલકે ખરું પૂછો તો રાહુલ ગાંધી જેવા 'સજ્જન' રાજકારણીઓ તો સામે ચાલીને આવા પ્રસંગે કાર્યકર્તાઓને સંદેશ આપવો જોઈતો હતો કે હું અદાલતમાં આરોપી તરીકે હાજરી આપવા આવી રહ્યો છું - કોંગ્રેસના નેતા તરીકે નહીં. મહેરબાની કરીને કોઈએ મારું સ્વાગત કરવા ના આવવું. કદાચ અદાલતી કાર્યવાહી બાદ સરકિટ હાઉસ કે અન્ય ખાનગી સ્થળે મિલન સમારંભ થઈ શકે. અદાલતની સાથે સજ્જન ગણાતા નેતાએ પોતાની અને લોકશાહની ગરિમા સાચવી ઉદાહરણ રજૂ કરવું જોઈતું હતું એમ નથી લાગતું?

## જો જિતના દૂર હો......ઉતના હિ પાસ રહતા હૈ...

**જો જિતના દૂર હો......ઉતના હિ પાસ રહતા હૈ...**

**- સિલસિલા**



**ડાયલોગથી દેવભાષા**

ડો. જય ઓઝા

૧૯૮૧માં રિલિઝ થયેલી ફિલ્મ ''સિલસિલા'' યશ ચોપરાની ખૂબ મહત્વાકાંક્ષી ફિલ્મ હતી. અમિતાભ બચ્ચન, જયા બચ્ચન, રેખા, શશિ કપૂર,સંજીવ કુમાર જેવા માંધાતાઓ આ ફિલ્મમાં હતા. કમનસીબે આ ફિલ્મ તે સમયે વ્યાવસાયિક રુપે એટલી ચાલી નહોતી જેટલી ચાલવી જોઈએ..પરંતુ સમય જતા આ ફિલ્મ અત્યારે 'કલ્ટ ક્લાસિક' ગણાય છે. યશ ચોપરાના સ્વપ્રદર્શી બે પ્રોજકટ ''સિલસિલા'' અને ''લમ્હે'' આ બંને અદભૂત ફિલ્મો તે સમયે ચાલી નહોતી..કારણ કે આ ફિલ્મો તેના સમયથી ઘણી આગળ હતી. આવી જ શ્રેણીમાં શો-મેન રાજ કપૂરની ''મેરા નામ જોકર'' નો પણ સમાવેશ થાય છે. દર્શકો અત્યારે આ ફિલ્મોને ઘણા રસથી જુએ છે. આ ફિલ્મમાં રેખાના ''ચાંદની''ના પાત્ર માટે પદ્મીની કોલ્હાપુરે,અને જયા ભાદુરીના પાત્ર માટે સ્મિતા પાટિલ, પરવીન બાબી જેવી ઘણી અભિનેત્રીઓનો સંપર્ક કરવામાં આવ્યો હતો.

આ ફિલ્મ પછી રેખા અને અમિતાભે ક્યારેય સાથે કામ ન કર્યુ. અને જયા બચ્ચન અને અમિતાભે પણ સાથે છેક વીસ વર્ષ પછી ''કભી ખુશી કભી ગમ'' માં સાથે કામ કર્યુ. આ ફિલ્મનુ ઉત્કૃષ્ટ સંગીત શિવ-હરિ( શિવ કુમાર શર્મા અને હરિપ્રસાદ ચૌરસિયા)એ આપ્યુ હતુ.આ ફિલ્મનાં સંવાદ રોમેશ શર્માએ લખ્યા હતા.અને ફિલ્મમાં આ સંવાદ રેખાના મુખે બોલાવવામાં આવ્યો છે.

આમ તો આ પ્રકાર સંવાદને અનુરૂપ ઘણા શ્લોક સંસ્કૃત સાહિત્યમાં મળી આવે છે. પરંતુ મહાકવિ ભર્તૃહરિનાં શૃંગારશતકની આ પંક્તિ અત્યારે સ્મરણમાં આવી ગઈ.

**વિરહોડપિ સંગમઃ ખલુ પરસ્પરં સંગતં મનો યેષામ ।**
**યદહૃદયવિઘટિતઃ સંગમઃ અપિ વિરહં વિશેષયતિ ॥**

**શૃંગારશતક-૮૭**

**અર્થ- જેઓનાં મન પરસ્પર મળેલાં હોય, તેઓનો વિયોગ પણ સંયોગ છે (એટલે કે તેઓ વિયોગી છતાં પણ મનથી મળેલાં છે) અને જેઓનાં મન જુદાં હોય છે તેઓનો સંયોગ પણ વિયોગને વધારે છે.**

ભર્તૃહરિ રચિત ત્રણ શતક સુપ્રસિદ્ધ છે. તેમનો સમય ઈ.સ.પૂર્વે ૫૬-૫૭ નો માની શકાય.ભર્તૃહરિ અને તેમના જીવન વિશે ઘણી કિંવદન્તિઓ સાંભળવામાં આવે છે. તેઓ એક વીર રાજા હતા અને વિશાળ સામ્રાજ્ય સંભાળતા હતા.કોઈ વળી તેમને વિક્રમાદિત્યનાં ભાઈ માને છે.કોઈ વળી તેઓને વાક્યપદીય નામક ગ્રંથના રચયિતા અને શતકત્રયમ ના રચયિતા અલગ અલગ ભર્તૃહરિ હતા તેવું માને છે.

પરંતુ વાસ્તવમાં જોઈએ તો યશ ચોપરાની આ ફિલ્મની જેમ જ આપણાં સાહિત્યકારો પણ સમયથી કેટલા આગળ હતા તે જોઈ શકાય છે.

- jayuoza@gmail.com
Mo.9898046488

## રવિવારે 'સર્જક સાથે એક સાંજ' કાર્યક્રમ



**સાહિત્ય વૃત્ત**


મૂળજીભાઈ પરમાર 'દધિ'

વૃત્તસંચય

● વિસરાયી જતી ગરવી માતૃભાષા ગુજરાતીને સદાય ધબકતી, મઘમઘતી - ફોરતી રાખવા, ગાંધીનગર સાહિત્યસભા દ્વારા દર માસે યોજવામાં આવતા સાહિત્ય કાર્યક્રમોમાં 'સર્જક સાથે એક સાંજ' કાર્યક્રમ અંતર્ગત, ગુજરાતી સાહિત્યના જાણીતા લઘુકથા કાર અને લોકસાહિત્યવિદ ડૉ. પ્રેમજીભાઈ પટેલનો એક કાર્યક્રમ તા. ૧૩-૧૦-૨૦૧૯ને રવિવારને રોજ સાંજના ૫.૦૦ વાગે, યુથ હોસ્ટેલ, સેકટર-૧૬ ગાંધીનગર ખાતે યોજવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં ડૉ. પ્રેમજીભાઈ તેઓની સર્જનયાત્રા અને સર્જક તરીકેની તેઓની કેફિયત રજૂ કરશે તથા તેઓની કૃતિઓનું સ્વમુખે પઠન કરશે. આ ઉપરાંત ગાંધીનગર સાહિત્યસભાના સભ્ય અને સાહિત્યકાર અમૃત ઠાકોર લિખિત લોકાર્પણવિધિ પણ હાજર મહાનુભાવોના હસ્તે કરવામાં આવશે. આ સાહિત્યિક કાર્યક્રમને માણળા, અચૂક પધારવા, સંસ્થાના સભ્યો, સાહિત્યરસિકો, ભાવકો અને સુજ્ઞમહાનુભાવોને મહામંત્રી કલ્પેશ પટેલ દ્વારા જાહેર હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

muljibhaidhadhi@gmail.com
Mo. 9824236893

# સંતવાણીના જ્ઞાતા અને ઉદ્‌ગાતા : સતી તોરલ





**ક્ષણના ચણીબોર**

વી. એસ. ગઢવી

જીવનમાં કેટલીક વખત એક વસ્તુની મહેચ્છા કરો અને બે વસ્તુઓ પ્રાપ્ત થાય તેવું બનતું હોય છે. કચ્છ અંજારના જેસલ જાડેજાના જીવનમાં પણ તેમજ બન્યું તેવી લોકકથા છે. કચ્છથી સૌરાષ્ટ્રમાં આવીને કાઠી દરબાર સાસતિયાની 'તોરી' નામની ગુણવાન ઘોડીને મેળવવાનો જેસલનો પ્રયાસ હતો. કર્મ સંજોગે તેને તોરી રાણી તેમજ તોરી ઘોડીની એમ બન્નેની પ્રાપ્તિ થઈ હોવાની કથા પ્રચલિત છે. તોરલને સાથે લઈ જેસલ કચ્છ તરફ પ્રયાણ કરે છે. સૌરાષ્ટ્ર અને કચ્છ વચ્ચે તે સમયે દરિયામાર્ગે મુસાફરી થતી હોવાથી કચ્છ જવા માટે વહાણની સવારી કરી. આ કથા સુપ્રસિધ્ધ છે. વહાણ જયારે દરિયાની મધ્યે મુસાફરીમાં હતું ત્યારે દરિયો અચાનક વિકરાળ સ્વરૂપ ધારણ કરે છે. ડુંગર જેવડાં મોજા અને ઊછળવા લાગ્યા અને પવનની ગતિ સુસવાટા સાથે તેજ બનતી ગઈ. વહાણ કદાચ ડૂબી જશે તેની ધાસ્તી બહારવટીયા જેસલના મન પર સવારથઈ. મૃત્યુને જયારે મુખોમુખ જોવામાં આવે ત્યારે ભલભલા વીરની વીરતા ઓગળી જતી હોય છે. જેસલ સાથે પણ એમજ થયું. પરંતુ જેસલને એ વાતનું આશ્ચર્ય થાય છે કે આવી સ્થિતિમાં પણ વહાણમાં બેઠેલા તોરલના મુખ પર ભય કે ચિંતાની એક પણ રેખા જોવા મળતી નથી. તોરલ શાંતિની મૂર્તિ સમાન બેઠા હતા. આવી સ્વસ્થતા સામાન્ય જનમાં હોય નહિ તેની પ્રતિતિ જેસલને થઈ. જેઓ તમામ સ્થિતિમાં સ્થિર ભાવ ધારણ કરી શકે છે તેના શરણે જવામાં જેસલને કોઈ વિલંબ કરવાનું ઉચિત લાગતું નથી. જેસલ જાડેજા આજથી લગભગ પાંચસો વર્ષ પહેલા થવા હોવાનો દુલેરાય કારાણી સાહેબનો મત છે. પરંતુ આજે પણ જેસલ – તોરલના પાત્રો લોકકથાઓ તથા લોકગીતો મારફત જીવંત રહેલા છે. કસોટીની કપરી ક્ષણે જે સ્થિરતાને ધારણ કરી શકે તેનુંજ નામ જગતમાં કાયમ રહે છે. એક ભજનમાં તોરી રાણી તેમ કહે પણ છે.

મોતી એરણમાં ઓરાય,
માથે ઘણના ઘા થાય,
ફૂટે ઈ તો ફટકીયા કહેવાય
ખરાંની ખરે ખબરું થાય...

સતી તોરલની સંતવાણી આપણાં સાહિત્યનો એક ઉજળો ભાગ છે. વેદોની જ્ઞાનવાણી, ઉપનિષદોની અનુભવવાણી તેમજ સંતો-ભક્તોની સંતવાણીના ભાતીગળ પ્રવાહોએ આપણાં વ્યક્તિગત તેમજ સામાજિક જીવનને લીલું છમ્મ રાખવામાં મહત્વનો ભાગ ભજવ્યો છે. જ્ઞાનવાણી જે મહદ અંશે સંસ્કૃતમાં વિદ્વાનો સમજી શકે તેવી શૈલિમાં હોય. ભાષાની કે માધ્યમની દૂર્બોધતાને કારણે ઘણીવાર ઉત્તમ બાબતો પણ જન સામાન્ય સુધી પહોંચવી મુશ્કેલ બને છે. સંતવાણીએ આ શ્લોક અને લોક વચ્ચેના અંતરને નોંધપાત્ર રીતે ઘટાડ્યું છે. આથી જ સંતવાણી કે ભજનવાણીની પવિત્ર ધારા કાળના નિરંતર વહી જતા પ્રવાહમાં સ્થિર રહી છે અને સદાકાળ જીવંત રહી છે.

વાણીની સરળતા તેમજ જીવનના વ્યવહારૂ ઉદાહરણોના સંદર્ભબળને કારણે આ સાહિત્ય લોકભોગ્ય બન્યું છે. સામાન્ય જનને આ વાણી 'પોતીકી' લાગી છે. જેસલ અને તોરલના નામો તથા તેમના જીવનની કથા લોકહૃદયમાં સ્થાન પામી છે. આ પાત્રો સાથે જોડાયેલી 'ક્વિદંતીઓ' કે ચમત્કારની વાતો બાજુ પર રાખીએ તો પણ સતી તોરલના રચેલા પદ માનવજીવનના શાશ્વત મૂલ્યોની વાત સહજતાથી તેમજ સરળતાથી કરે છે. આથી તે આજના સંદર્ભમાં પણ પ્રસ્તુત છે.

જેસલ કરી લે વિચાર
માથે જમ કેરો માર
સપના જેવો છે સંસાર
તોળી રાણી કરે છે પોકાર
આવો જેસલ રાય !
આપણ પ્રેમ થકી મળીએ જી
પૂરા સંત હોય ત્યાં જઈ ભળીએ જી !
ગુરૂના ગુણનો નહિ પાર
ભગતી છે ખાંડાની ધાર
નુગરા ક્યા જાણે સંસાર
એનો એળે જાય અવતાર
આવોને જેસલરાય !

સંતવાણીનો પ્રવાહ આપણે ત્યાં મુખ્યત્વે ભજનવાણીના માધ્યમથી પ્રગટ્યો છે. સાંઈ મકરંદે લખ્યું છે કે પરમ તત્વનું કે પુરુષોત્તમની આરાધના કરતા હોઈએ અને તેની સાથે એકતાર થઈ જવાય તેનેજ ભજન કર્યું કહેવાય. ભજનની બે બાબતો મુખ્ય છે. આ બન્ને બાબતો એટલે શબ્દ અને સુરતા. જ્યાં સુરતાનો અભાવ હોય ત્યાં શબ્દ માત્ર કંઠની કારીગરી સમાન બની જાય છે તેવું મકરંદી વિધાન પુર્ણતઃ ઉચિત્ છે. આથી ભજન એ ખરા અર્થમાં સુરત શબદ યોગ છે. સતી તોરલના અનેક ભજનો આજે પણ ગુંજતા અને ગાજતા જોવા મળે છે.

જેસલ જે પોતાના કાળમાં નિજકર્મો થકી ઘણા અપયશને પામ્યો હતો તેને સ્નેહથી સમજાવવામાં તોરલે જાણે શાસ્ત્રોની તમામ ઉત્તમ વાતો અને ઠોસ ઉદાહરણોનું અસરકારક મિશ્રણ તૈયાર કર્યું છે. સંતવાણીમાં વાતને કે વિચારને મૂકવાની છટા, સરળતા તેમજ વિચાર પ્રાધાન્યતા દાદ આપવી પડે તેવા હોય છે. આથી જ આ ભજનો કચ્છ–સૌરાષ્ટ્રમાં નારાયણ સ્વામી, યશવંત ભટ્ટ કે મુગટલાલ જોષી જેવા મીઠા અને ઘેઘૂર કંઠથી વહેતા થાય છે ત્યારે રાત ટૂંકી પડે છે ! તોરલે પોતાના જ્ઞાનથી કે અનુભવ વાણીથી જેસલને માધ્યમ બનાવીને જે ડહાપણયુક્ત જ્ઞાનની વાતો સમાજ સમક્ષ વહેતી મૂકી છે તે વિચારો કદી કાલ-બાહ્ય થતા નથી. આપણી ભજનવાણીનું એક ઉજળું નામ એ સતી તોરલનું છે. ગંગાસતી – તોરલ કે લલ્લાદે જેવા નારીસંતોથી આપણું ભજન સાહિત્ય રળિયાત છે.

# કસ્તૂરબા મોટીબાને બાપુ - મારી મા

## મનુબેન ગાંધીની પુસ્તિકામાં બા-બાપુનું શબ્દચિત્ર



**ગાંધી ૧૦૦**

ડો. રાજેન્દ્ર જાની

કલકત્તાની બિશપ કૉલેજના પ્રોફેસર એસ.કે. જયોર્જે લખ્યું છે કે ગાંધીજીનો સત્યાગ્રહ એ વ્યવહારમાં ઉતરેલો ખ્રિસ્તી ધર્મ છે - જોગાનુજોગ આજે ૧૧ ઑકટોબર છે. આજથી બરાબર ૧૧૩ વર્ષ અને એક મહિના પહેલા ૧૧ સપ્ટેમ્બર ૧૯૦૬ના રોજ દક્ષિણ આફ્રિકાની ધરતી પર કે જયાં ખ્રિસ્તી ધર્મનું વસ્તી બાહુલ્ય છે એ દેશમાં પહેલવહેલો સત્યાગ્રહ કર્યો હતો. જેનો સત્યાગ્રહ એક ખ્રિસ્તી અધ્યાપકના મૂલ્યાંકનમાં વ્યવહારમાં ઉતારેલો ખ્રિસ્તી ધર્મ છે - એમ સૂચવતો હોય ગાંધીજી હિન્દુ ધર્મમાં પૂર્ણ આસ્થા ધરાવતા હોવા છતાં વૈશ્વિક માનવધર્મ આત્મસાત કર્યો હોવાનું પણ પ્રમાણિત કરે છે.

જો કે ગાંધીએ આ સંદર્ભમાં પોતાનો મત જુદો આપ્યો હતો. તેત્રીસ વર્ષની ઉંમરે બ્રિટન છોડીન ગાંધીના અનુયાયી તરીકે જે જોડાયા એ મિસ મેડેલિન સ્લેડ - મીરાંબેનને રોમાં રોલાંએ ગાંધીજીનો પરિચય આપતા કહ્યું હતું કે, 'તેઓ બીજા ઈસુ ખ્રિસ્ત છે.' એ પછી રોમાં રોલાંએ મહાત્મા ગાંધી ઉપર લખેલી નાનકડી પુસ્તિકા મીરાંબહેને વાંચી અને તેમની જિંદગી વળાંક લઈ ગઈ. ગાંધીને જોયા પણ ના હોય બસ તેમના વિશે બે વાક્ય અને એક નાનકડી જીવનકથા વાંચી હોય તો પણ આટલો બધો પ્રભાવ પડેને એક ગોરી યુવતી આશ્રમજીવન અપનાવી લે એ વાત કેવી અચરજ પમાવે એવી છે. ગાંધીમાં કશુંક એવું હતું કે જે નિર્મળ હૃદયને ખેંચી લાવનારું હતું એમ કહી શકાય.

ગાંધીના કાર્યો અને કાર્યક્રમોમાં ઈસુ ખ્રિસ્તના પગલાંનો પગરવ ઘણાંએ ઝીલ્યો હતો. એક અંગ્રેજ બહેને તો તેમને મળીને તેઓ ઈસુ ખ્રિસ્ત જ છે. એમ પણ મોંઢામોઢ કહેલું. પરંતુ ગાંધીજીએ પોતે ઈસુ નથી એમ હસતાં હસતાં કહ્યું અને ઉમેર્યું કે મારે કોઈ દુશ્મન જ નથી, દુશ્મન કોઈને માનતા જ ન હોય વિચારમાં આવે. ગાંધીજી આ રીતે સમગ્ર માનવમાત્રના અજાત શત્રુ હતા.

મહાત્મા ગાંધીએ ૧૯૧૫માં ભારતમાં સ્વદેશાગમ કર્યું ત્યારથી જીવનના અંત સુધી તેમણે સતત પ્રવાસો જ કર્યા હતા. પરિવારના સદસ્યો સાથે તેમને રહેવાનું ઓછું બનતું હતું. તેમ છતાં એ પરિવાર પ્રિય માનવી હતા એ એમના પત્રો અને અન્ય દસ્તાવેજોમાં વ્યક્ત થાય છે. બાપુના પત્રો ઉપર લખાયેલું, એક પુસ્તક છે : 'જયાં રહો ત્યાં મહેંકતા રહો' વાંચવા જેવું પુસ્તક છે. નીલમબેન પરીખે આ પુસ્તકમાં પુત્ર અને પુત્રવધુઓ પ્રતિ ગાંધીજી કેવા હતા એનો સુંદર ચિતાર આપ્યો છે.

મનુબેન ગાંધીએ એક નાનકડી પુસ્તિકા લખી છે 'બાપુ - મારી મા' - નવજીવન પ્રકાશન મંદિરે પ્રકાશિત કરેલી આ પુસ્તિકામાં તેઓ 'બા-બાપુને ખોળે' નામના પ્રથમ પ્રકરણની શરુઆતમાં જ લખે છે : 'બાપુજી પિતા તરીકે કેટલીય પુત્રીઓના અને કેટલાય પુત્રોના પિતા બન્યા હશે. શિક્ષક તરીકે કેટલાયના ગુરુદેવ બન્યા હશે. કેટલાંય ભાઈબહેનના ભાઈ, કાકા, ડૉકટર, વૈદ્ય કે સેવક બન્યા હશે. અનેકના મિત્ર તો દુઃખીઓના તારણહાર બન્યા હશે. અરે ! રાષ્ટ્રપિતા કહેવાયા જેમાં બધું જ આવી ગયું. પણ મારી તો માતા બન્યા હતા. સામાન્ય રીતે પુરષ કદાચ માતા ન બની શકે, કેમ કે જે માતૃહૃદય ઈશ્વરે સ્ત્રીને આપ્યુ છે તે પ્રેમાળ હૃદય પુરુષોને નથી આપ્યું. આવા પ્રેમાળ હૈયાની બક્ષિસ ઈશ્વરે મા-જનેતાને જ આપી છે. મનુબેન આટલી વાત પછી એક નાનકડો ઉમેરો કરે છે, પણ ના. ઈશ્વરની એ પ્રસાદીમાંથી ભાગ પડાવનાર એક બાપુ નીકળ્યા.'

એક મહાત્માના માટે મનુબેને આપેલી અંજલિ જેવી કોઈ શ્રદ્ધાંજલિ જ ના હોઈ શકે એમ કહીએ તો પણ વધારે પડતું નથી.

મનુબેન જયારે બાર વર્ષના હતા ત્યારે તેમની માતાનું અવસાન થયું હતું. એ પછીના બે વર્ષે એટલે કે ચૌદ વર્ષની ઉંમરથી જ તે કસ્તૂરબા અને ગાંધી બાપુની હૂંફમાં ભળી જવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું. જો કે ૧૯૪૨ની લડતમાં બા-બાપુને જેલવાસ થતા એ વિખૂટા પડ્યા હતા. પણ મનુબેનને પણ કારાવાલ થતા તેમને કસ્તૂરબાને વારંવાર હૃદયના હુમલા થતા હતા એટલે તેમની સાથે રહેવાની મનુબેનને છૂટ મળવાથી આ શક્ય બન્યું હતું.

૨૨ ફેબ્રુઆરી ૧૯૪૪ના દિવસે બા એ અંતિમ શ્વાસ લીધા એ પહેલા તેમણે બધાની માગીને છેવટની વિદાય લીધી હતી. કસ્તૂરબાએ મનુબેનને કહ્યું હતું, 'દીકરી, તે બહુ બહુ સવા કરી છે. ઈશ્વર તને ખૂબ સુખી રાખે, હવે હું જાઉં છું. એ વખતે બાપુની આંખમાંથી પણ અશ્રુ ટપકી પડ્યા હતા. મનુબેનના પિતાને તેમણે ભલામણ કરી હતી, હવે મનુને લઈ જજો અને ભણાવજો.'

આવી અંત ઘડી સુધી ચિંતા સેવનાર કસ્તૂરબાને ગુમાવનાર મનુબહેન લખે છે 'મારી માતાને ઈશ્વરે કેમ લઈ લીધી ? ઘડીભર ઈશ્વર ઉપરની શ્રદ્ધા ઓછી થઈ. એ એટલી હદે કે અગ્નિ સંસ્કાર પછી સાંજે જયારે ખુદ બાપુએ એક ભજન ગાવા કહ્યું, પણ નાદાન મનુબહેને બાપુને જવાબ વાળ્યો કે 'મારી મોટીબાને ઈશ્વરે લઈ લીધી. હવે હું રામનામ જ નથી લેવાની.' - મનુબેને કસ્તૂરબાના નિધનથી મોટીબા ગુમાવી હતી. પણ નાદાન દીકરીને બાપુનામની મા મળી હતી.'